**ફોજદારી પરચુરણ અરજી નં. ૧૫૦/૨૦૨૪**

**અરજદારની ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ–૨૩ મુજબ  વચગાળાની રાહતો મેળવવા અંગેની આંક– ૫ ની અરજી લગત હુકમ**

(૧) અરજી, ઘરેલુ હિંસાનો અહેવાલ તેમજ સાથે રજુ થયેલ દસ્તાવેજો વંચાણે લીધા. સામાવાળા તરફે આંક– ૧૭ થી અરજદારની અરજીના વાંધા જવાબ રજુ કરેલ છે. અરજદારના વિ.વ.શ્રીએ તેમની અરજી મુજબ રજુઆત કરેલ છે. તથા સામાવાળાના વિ.વ.શ્રી એ  આંક–૧૭ ના વાંધા મુજબ રજુઆત કરેલ છે.  બન્ને પક્ષના વિ.વ.શ્રીઓને સાંભળ્યા.

(૨) અરજદારે હાલની ઘરેલુ હીંસા ધારાની કલમ–૨૩ મુજબ વચગાળાની રાહતો મેળવવાની અરજી રજુ કરી જણાવેલ છે કે  સામાવાળા અરજદાર તથા તેમની સગીર પુત્રી ઉપર કોઈ હીંસાનુ કૃત્ય ન કરે , અરજદારને રહેણાંકથી નોકરીના સ્થળે આવતા જતા કે પુત્રી એન્જલને સ્કુલે જતા આવતા,અભ્યાસ કરતા કૌટુંબીક હીંસાનુ કોઈ કૃત્ય ન કરે તેમજ કોઈ પણ રીતે સંપર્ક ન કરે માટે હુકમ કરવા રજુઆત કરેલ છે. વધુમા રજુઆત કરતા જણાવે છે કે અરજદારને તેના પીતાના સંયુકત કુટુંબમા રહેવા પુરતી વ્યવસ્થા નથી માટે રુપીયા ૭૦૦૦/– માસીક રહેણાંક મકાનના ભાડા પેટે દાદ માંગેલ છે. તેમજ સગીર પુત્રીના માસીક રૂ.૭૦૦૦/– નો હુકમ કરવા રજુઆત કરેલ છે. વધુમા રજુઆત કરતા જણાવેલ છે કે જી.જે.૧૧ .બી.આર.૪૮૬૪ સ્વીફટ ડીઝાયર કાર તથા જી.જે.૦૬.એલ.ઈ.૧૪૨૫ આ બન્ને કારનો કબ્જો તાત્કાલીક સામાવાળા અરજદારને સોંપી આપે તેમજ આ વાહનો સામાવાળા કોઈને વેચાણ , ગીરો , બક્ષીસ કે અન્ય કોઈ પણ પ્રકારના વ્યવહાર ન કરાવે તેવો હુકમ ફરમાવવા રજુઆત કરેલ છે.

(૩) સામાવાળાના વિ.વ.શ્રીએ રજુઆત કરેલ છે કે અરજદારે સગીર દીકરી એન્જલ માટે રૂ.૭૦૦૦/– માસીક નીભાવ પેટે આંક–૧ ની અરજીમા માંગેલ છે અને તેટલી જ રકમ વચગાળાની અરજીમા પણ માંગેલ છે જેથી તે મંજુર ના કરી શકાય. જયા સુધી ઘરેલુ હીસા થયેલાનુ કોઈ પુરાવો રજુ ન થાય ત્યા સુધી વચગાળાની રાહતો મંજુર ન કરી શકાય. અરજદારે સામાવાળા પાસેથી મોટી રકમ પડાવી લેવાના બદ ઈરાદે હાલની અરજી કરી વચગાળાની રાહતો મેળવ્યા બાદ લાંબા સમય સુધી મુળ અરજી ચલાવશે નહી અને સામાવાળાને કોર્ટના ધકકા

ખવડાવશે માટે અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે. વિશેષમા જણાવેલ છે કે અરજદારની માંગ્યા મુજબની રકમ આપવા માટે સામાવાળા સક્ષમ ન હોય અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

**(૪) કારણોઃ–**

(૪.૧) બન્ને પક્ષની રજુઆત , તથા રેકર્ડ ધ્યાને લેતા અરજદાર તથા સામાવાળાને સંતાનમા સગીર દીકરી નામે એન્જલ ઉ.વ.૭ વર્ષ , ની હોવાની હકીકત બીનતકરારી છે. અરજદારે તેઓની અરજીમા જણાવેલ વાહનો જી.જે.૧૧.બી.આર.૪૮૬૪ સ્વીફટ ડીઝાયર કાર તથા જી.જે.૦૬.એલ.ઈ.૧૪૨૫ કાર અરજદારે અનુક્રમે આંક–૨૫ તથા આંક–૨૬ થી ગુજરાત મોટર વ્હીકલ ડીપાર્ટમેન્ટના જે રીપોર્ટ રજુ રાખેલ છે તે ધ્યાને લેતા સદર બન્ને વાહનો હાલના અરજદારના નામે હોવાનુ જણાઈ આવે છે. પરંતુ સદર બન્ને વાહનોનો કબ્જો સામાવાળા પાસે હોવાનો અરજદારે જણાવેલ છે જે હકીકતનુ સામા પક્ષે આંક–૧૭ થી રજુ કરેલ સંયુકત વાંધા જવાબમા કોઈ ખંડન કરેલ નથી. માટે ઉપરોકત અરજદારના નામે રજીસ્ટર્ડ થયેલ બન્ને વાહનોનો કબ્જો સામાવાળા પાસે હોવાની હકીકત પ્રથમદર્શનીય રીતે માનવા લાયક જણાય છે. આ કામે અરજદારે આંક–૨૪ થી સામાવાળા વિરુધ્ધ વાહનો પચાવી પાડવા બદલ જુનાગઢના પો.સ્ટે ખાતે આપેલ ફરીયાદની નકલ આંક–૨૪ થી રજુ કરેલ છે. સદર બન્ને વાહન મોટર કાર લોન પર લીધેલ હોય ફાઈનાન્સ કંપની દવારા અરજદાર વિરુધ્ધ તે અંગેની કાર્યવાહી થયેલ છે. જેના દસ્તાવેજ આંક–૩૦ થી રજુ રાખેલ છે. આંક–૩૧,૩૨,૩૩,૩૪,૩૫,૩૬,૩૭ વાળા દસ્તાવેજો ધ્યાને લેતા અરજદારને ફાઈનાન્સ કંપની દવારા લોનના હપ્તા સબંધે કરેલ પત્ર વ્યવહાર હોવાનુ જણાઈ આવે છે. આ હકીકતો તથા ઉપરોકત બન્ને વાહનો સબંધેના અરજદારે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા તથા પ્રોટેકશન ઓફ વુમન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલન્સ એકટ–૨૦૦૫ ની કલમ–૩ નુ એક્ષપ્લેનેશન –૧(૪) (બી) ધ્યાને લેતા અરજદારનુ હીત રહેલ હોય તેવી સ્વંતત્ર દરજજે કે સંયુકત રીતે ધારણકર્તા હોય તેવી કોઈ સ્થાવર કે જંગમ મીલકતનો નીકાલ સામાવાળા કરી નાખે તો અરજદારને નુકશાન જાય તેમ હોય તેવી રજુઆત વ્યાજબી જણાય છે. પરંતુ અરજદારે ઉપરોકત બન્ને વાહનોનો કબ્જો મેળવવા દાદ માંગેલ છે તે મંજુર કરી શકાય તેમ નથી તેના વીકલ્પે સામાવાળાને ઉપરોકત બન્ને વાહનોનો કોઈપણ રીતે નીકાલ કરતા અટકાવવાથી ન્યાયનુ હીત જળવાય તેમ છે.

(૪.૨) વધુમા અરજદારે સગીર દીકરી એન્જલ પર સામાવાળા કોઈ હીંસાનુ કૃત્ય ન કરે તથા અરજદાર વિરુધ્ધ કોઈ કૌટુંબીક હીંસાના કૃત્ય કોઈ પણ રીતે ન કરે તે માટે હુકમ ફરમાવવા અરજ કરેલ છે જે હાલના કેસના રેકર્ડને નજર સમક્ષ રાખતા સામાવાળા દવારા કૌટુંબીક હીંસાનુ કૃત્ય થયેલ છે કે કેમ તેનો નીર્ણય પુરાવો નોંધ્યા બાદ જ થઈ શકે તેમ છે. તેમજ અરજદાર હાલ તેમના પીતાના સંયુકત કુટુંબમા રહેતા હોય ત્યા પુરતી વ્યવસ્થા નથી તેમ જણાવી મકાન ભાડા રૂ.૭૦૦૦/– માંગણી કરેલ છે તે દાદનો નીર્ણય પણ પુરાવો નોંધ્યા બાદ જ થઈ શકે તેમ છે.

(૪.૩) વધુમા અરજદારે સગીર દીકરી એન્જલને નીભાવ માટે માસીક રૂ.૭૦૦૦/– ની માંગણી કરેલ છે જે સામે સામાવાળાએ રજુઆત કરેલ છે કે અરજદારે આંક–૧ ની મુળ અરજીમા પણ સગીર એન્જલના નીભાવ માટે રૂ.૭૦૦૦/–માસીક ચુકવી આપવા દાદ માંગેલ છે અને વચગાળાની અરજીમા પણ રૂ.૭૦૦૦/– માસીક ધોરણે ચુકવવા દાદ માંગેલ છે. જેથી અરજદારની આ દાદ વચગાળાના ધોરણે મંજુર ન થઈ શકે તેવી રજુઆત કરેલ છે. સગીર એન્જલના નીભાવ પેટે માસીક ખર્ચ પેટે અરજદારે જે રકમની માંગણી કરેલ છે તે તથા તે લગત સામાવાળા પક્ષે કરેલ રજુઆત ધ્યાને લેતા તેમજ સગીર એન્જલ અરજદાર તથા સામાવાળાની દીકરી હોય અને હાલ તે અરજદાર પાસે હોય તે હકીકત અંગે કોઈ તકરાર ન હોય હાલની અરજીનો ગુણદોશ પર જે નીર્ણય આવે તે અલગ બાબત છે પરંતુ સામાવાળાના પીતા તરીકે તેઓની દીકરી સગીર એન્જલનો નીભાવ કરવાની નૈતીક તેમજ કાયદાકીય ફરજ છે. જે હકીકત ધ્યાને લેતા સગીર એન્જલના નીભાવ પેટે અરજદારે માંગેલ દાદ અંશતઃ મંજુર કરવાથી ન્યાયનો હેતુ જળવાશે તેમ મારુ માનવુ છે.

આમ, ઉપરોકત કરેલ ચર્ચા તથા કારણોસર ન્યાયના હીતમા નીચે મુજબનો હુકમ કરુ છુ.

**–:: હુ ક મ ::–**

૧. હાલની અરજી અંશતઃ મંજુર કરવામા આવે છે.

૨. સગીર એન્જલના નીભાવ ખર્ચ પેટે રૂ.૩૫૦૦/– (અંકે રૂપીયા ત્રણ હજાર પાંચસો) હાલની અરજીની તારીખથી સામાવાળા નં.૧ નાઓએ અરજદારને ચુકવી આપવાનો હુકમ કરવામા આવે છે.

૩. જી.જે.૧૧.બી.આર.૪૮૬૪ સ્વીફટ ડીઝાયર કાર તથા જી.જે.૦૬.એલ.ઈ.

૧૪૨૫ વાળા વાહનોનો સામાવાળાએ કોઈપણ પ્રકારે નીકાલ કરવો નહી કે સદર વાહનનો કોઈપણ પ્રકારનો બોજો ઉત્પન્ન કરવો નહી તેવો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : માંગરોળ
તા.૧૭/૦૫/૨૦૨૫

**(ચંગીઝ મસવર રાઠોડ)**
**જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**માંગરોળ**
**GJ01238**